ખેલાડીઓ વચ્ચે ખેલદિલીનો અભાવ

તંત્રીસ્થાનેથી...

છેલ્લાં થોડાંક વર્ષોથી ભારતીય ખેલાડીઓ આંતરરાષ્ટ્રીય સ્તરે ઝળકવા માંડ્યા છે અને કુસ્તી કે બોક્સિંગ ઉપરાંત વેઈટ લિફ્ટિંગ અને શૂટિંગ કે તીરંદાજી જેવી રમતોમાં ભારતને ગૌરવ અપાવે એવાં ઈનામ - અકરામ જીતવા લાગ્યા છે. હમણાં જ ભાલા ફેંકમાં ભારતીય ખેલાડીએ વિશ્વવિક્રમ સ્થાપીને આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું નામ ઊંચું કર્યું છે. એ લવરમૂછિયા તરુણની સ્વર્ણિમ સફળતા બદલ ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શાબાશીના શબ્દો ઉચ્ચારી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો છે. વડાપ્રધાન કહે છે તેમ રમવું, સ્પર્ધામાં હાર-જીતની ચિંદા કર્યા વગર પૂરી ક્ષમતાપૂર્વક દેખાવ કરવો તે જ વધુ અગત્યની બાબત છે. પરંતુ આવી ખેલદિલી આપણા દેશી ખેલાડીઓમાં છે ખરી? હરિયાણા આપણા ખેલાડીઓનું પિયર છે. અહીંથી આપણને વિશ્વકક્ષાના ખેલાડીઓ અને ક્રિકેટરો મળતા રહ્યા છે. છેલ્લે એક કમનસીબ ઘટના બની છે તેની ચોરે ને ચૌટે ચર્ચા ચાલી રહી છે. ૭૪ કિ.ગ્રા વજન-વર્ગના કુસ્તીબાજ નરસિંહ યાદવે ગત વર્ષે વર્લ્ડ ચેમ્પિયનશિપમાં કાસ્ય પદક જીતી આ વર્ષે થનાર રિયો ઓલિમ્પિકમાં ભારતને ૭૪ કિ.ગ્રા. કેટેગરીનો ક્વૉટા મેળવી આવ્યો હતો. પરંતુ હરિયાણાના જ વતની સુશીલકુમારે ઓલિમ્પિકમાં બબ્બે વખત મેડલ જીતેલ હોઈ એણે રિયો ઓલિમ્પિકમાં આ જ વજન વર્ગમાં પોતાની દાવેદારી નોંધાવી હતી. એણે તો નરસિંહ યાદવ સામે કુસ્તી લડીને જે જીતે એને ઑલિમ્પિકમાં જવા માટેની ટિકિટ મળે, એવી દરખાસ્ત પણ કરી હતી. પરંતુ ભારતીય કુસ્તી ફેડરેશને હાઈકોર્ટના આદેશ મુજબ આવા ટ્રાયલની મંજૂરી નહોતી આપી અને ક્વૉટા જીતનાર નરસિંહ યાદવને જ રિયો ઓલિમ્પિકમાં મોકલવાની તૈયારી રાખી હતી. બરાબર છેલ્લી ઘડીએ નરસિંહ યાદવની આશા પર પાણી ફરી વળ્યું છે. સોનીપત ખાતે આવેલ સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ઈન્ડિયા દ્વારા એનો ડોપ ટેસ્ટ લેવાતાં એના લોહિના સેમ્પલમાં પ્રતિબંધિત સ્ટેરોઈડ મળી આવેલ છે. ખેલાડીઓ સ્ટેરોઈડ લઈને પોતાની કાર્યક્ષમતા વધારતા હોય છે, તેથી આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે એવા ખેલાડીઓને પ્રવેશ અપાતો નથી. નરસિંહ યાદવનો બી ટેસ્ટ પણ પોઝિટિવ આવતાં એને ફેલ જાહેર કરાયો છે. એની જગ્યાએ સુશીલકુમારને પણ ઑલિમ્પિકમાં ભાગ લેવા મોકલી શકાય એમ નથી, કારણ કે તારીખ વીતી ગઈ છે. નરસિંહ પોતાની સામે મેલી રમત રમાઈ હોવાનું કહી રહ્યો છે. પોતે જાણી જોઈને સ્ટેરોઈડ લેવાનું જોખમ થોડો ખેડે ? એને શંકા છે કે સોનીપત સ્થિત સંસ્થાન દ્વારા એને ખોરાકમાં સ્ટેરોઈડ અપાયો હોય તેમ બની શકે. આ ષડયંત્ર પાછળ સુશીલકુમાર અને એના શુભચિંતકોનો હાથ પણ હોઈ શકે. સુશીલકુમારે જે રીતે નિવેદન કર્યું છે તેથી એની નરસિંહ યાદવ તરફની અદેખાઈ સ્પષ્ટ દેખાઈ આવે છે. જો આવું જ બનતું રહ્યું તો ખેલજગતમાં ભારતની તકો ઝાંખી બનતી જવાની એમાં શંકાને સ્થાન નથી. એક વાર નિર્ણય લેવાઈ ગયા પછી સુશીલકુમારે નરસિંહ યાદવને શુભેચ્છા પાઠવવી જોઈતી હતી, એને બદલે આ હરિયાણવી જાટ એની સામે કાવતરાંમાં સંડોવાયો હોય તો તે ખરેખર ખૂબ જ નિંદનીય બાબત છે. 'હું મરું પણ તને રાંડ કરું' વાળી માનસિકતા ખેલજગતમાં ચાલે કરી?

વ્યસનોથી લોકો બચે - મુક્ત થાય અને સ્વસ્થ જીવન જીવે એ દિશામાં ઠેર ઠેર સરાહનીય કાર્ય થઈ રહ્યું છે

'આવી સારી નોકરી તે કાંઈ છોડી દેવાતી હશે ?'

'આરે થોડો સમય અહીં રહીને પાછો અમેરિકા જઈ શક્યો હોત!!!'

આ અને આવા ઘણાયે સંવાદો આશીષ સોનીએ પોતાના માટે બોલાતા સાંભલ્યા છે. માતા નીરુબેન અને પિતા જશવંતલાલ સોનીનો આ દીકરો, જન્મ અને અભ્યાસ અને ઉછેર ગાંધીનગરમાં જ થયા. એન્જીનીયરીંગનો અભ્યાસ કર્યો. અભ્યાસ પછી સ્વાભાવિક રીતે નોકરીની શોધ ચાલે, એ ક્રમમાં ગાંધીનગર જીઆઈડીસીની એક કંપનીમાં એમણે નોકરી કરી.

દરેક યુવાનને હોય એમ આશિષના મનમાં પણ વિદેશમાં સ્થાયી થવાના અરમાન દરિયામાં ઉછાળા મારતા, મોજાની માફક હિલ્લોળા લઈ રહ્યા હતા. યોગ્ય તક અને સમયની તેઓ રહા જોતા હતા. આખરે સમય આવી પણ ગયો. ૨૦૦૦ ના વર્ષમાં એમણે ગાંધીનગરને બાય બાય કહ્યું અને ઉડાન ભરી અમેરિકા તરફ.

નવો દેશ-નવા વિચારો - નવી હવા અને નવા લોકો, ધીમે ધીમે તેઓ સેટલ થતા ગયા. અમેરિકાના વર્ક કલ્ચરને અનુરુપ થઈને સરસ મિત્રોના સાથ સાથે સમય પસાર કરતા રહ્યા. ભારતમાં માતા-પિતા સાથે નિયમિત સંપર્ક થતા રહેતા અને એકબીજાના સમાચાર મળતા રહેતા એક દિવસ અચાનક ફોનની રીંગ વાગી અને આશીષને આઘાતજનક સમાચાર મળ્યા કે એના પપ્પાને ગાંધીનગરમાં કેન્સરના રોગનું નિદાન થયું છે. સ્વાભાવિક જ ચિંતાના વાદળો ઘેરી વળ્યા અને તે અમેરિકાથી પરત અહીં આવી ગયા.

અમેરિકામાં ગ્રીન કાર્ડ મળી શકે તેવી સ્થિતિમાં હોવાના કારણે તેમણે આ પ્રક્રિયા શરૂ કરી હતી પરંતુ હવે એ દિશામાં જવું જ નથી એમ મક્કમ રીતે નક્કી કરીને એમણે એ કાગળો પણ ફાડી નાખ્યા. પિતાજીની ખુબ સેવા કરી. કેન્સર થવાનું કારણ જયારે એમણે જાણ્યું ત્યારે ખબર પડી કે તમારુ મુક્ત મસાલાઓ ખાવાને કારણે કેન્સર થયું છે. દવા બહુ કરી પરંતુ આખરે તેમણે દેહ છોડ્યો. એ સમયે જ એમના દીકરાએ મનોમન સંકલ્પ કર્યો કે મારા પિતાનું મૃત્યુ જે વ્યસનના કારણે થયું તે વ્યસનો બીજાને હશે તો હું એમને એ વ્યસનોમાંથી મુક્ત કરવાનું અભિયાન શરૂ કરીશ.

સમય પસાર થતો ગયો, દરમિયાન ગોપી ત્રિવેદી નામની યુવતી સાથે લગ્ન કર્યા. એમના માતુજીને એટેક આવ્યો અને લાંબી બીમારી ભોગવી-તેઓની સેવા કરી - એમનું ૨૦૧૫માં મૃત્યુ થયું. હે આ બંને પતિ-પત્ની એમની મનગમતી પ્રવૃત્તિઓમાં અને સામાજિક કાર્યોમાં પ્રવૃત્તિ રહે છે. વ્યસનમુક્તિ માટે અભિમાન ચલાવે છે. જરૂરિયાતમંદે ગરીબોને માટે વસ્તુઓ ઉઘરાવીને તેમને પહોંચાડે છે.

પોતાના પિતા વ્યસનના કારણે કેન્સરગ્રસ્ત થયા એ વેદના એમણે અનુભવી એટલે બીજા લોકોના ઘરોમાં આવી વેદનાના વાવડ સાંભળવા ન મળે એ દિશામાં એમણે હકારાત્મક કાર્યો શરૂ કર્યું. એમને ખબર પડે અથવા તો કોઈ એમનો સંપર્ક કરે તો તેઓ જે તે વ્યક્તિને વ્યસનથી મુક્ત થવા સમજાવે છે, વ્યસનથી જીવનમાં આવી પડનારી મુશ્કેલીઓ બાબતે એમને જાગૃત કરે છે, વિના મૂલ્યે નિયમિત એમને કન્સલટેશન આપે છે અને સરવાળે વ્યસનમુક્તિ થયેલા માણસના ચહેરા પરનું હાસ્ય જોઈને રાજી થાય છે.

વ્યસનમુક્તિ અભિમાન એક છે તો બીજું એક અભિમાન એમણે શરૂ કર્યુ છે. હ્યુમન ટ્રાફિકિંગ સામેની લડાઈનું. આ બાબતે આંકડાકીય વિગતો એકઠી કરી, અભ્યાસ કર્યો અને સમાજ જીવનમાં જાગૃતિ લાવવા માટે અને આ પ્રશ્નના ઉકેલની દિશામાં સામાજિક રીતે એક ડગલું આગળ વધવા માટે એમને ઈન્સ્પિરેશનલ વીડિયો પણ તૈયાર કર્યા છે એમના કાર્યમાં શાળાના વિદ્યાર્થીઓ અને એમના મિત્રો મદદરુપ થઈ રહ્યા છે. અનેક સંસ્થાઓમાં એમના પ્રવચનો યોજાયા છે.

તેઓ ગામડાઓમાં અને શહેરોમાં જીવન અને મંદિર-માબાપને ભૂલશો નહિ વિષય પર પણ વિનામૂલ્યે પ્રવચનો આપે છે.

એમના પત્નીનો સપોર્ટ આ બધી સામાજિક પ્રવૃત્તિઓમાં રહ્યો છે, તેઓ પણ બાલિકાસભા અને સત્સંગસભાના માધ્યમથી ખાસ કરીને વિદ્યાર્થીઓમાં જીવન પ્રત્યેનો હકારાત્મક અભિગમ ડેવલોપ થાય એ દિશામાં કાર્યરત છે.

જીવન નિર્વાહ માટે આવકનું શું ? તો જવાબમાં તેઓ કહે છે કે 'પર્સનાલિટી ડેવલોપમેન્ટ - પર્સનલ ગ્રુમીંગ - સ્પોકન ઈંગ્લીશના કલાસ અને સેમીનાર ચલાવીને આવક મેળવું છું જે મારા સાદગીપૂર્ણ જીવન માટે પૂરતા બની રહે છે.'

આદત સારી અને ખરાબ બંને પ્રકારની હોય છે. સારી આદતો માનવીના વ્યક્તિગત જીવનમાં શિસ્ત-અનુશાસન-કર્મ પ્રાધાન્ય-મહેનત-પ્રમાણિકતા-પ્રેમ-ઈમાનદારી જેવા અનેક સદ્‌ગુણોનો વિકાસ કરે છે. આ સદ્‌ગુણોના થકી ઘડાયેલા જીવનમાં અને સ્વભાવમાં સહજપણે સુખ-સમૃદ્ધિ અને આનંદ શામિલ થાય છે. ખરાબ આદતો માનવીના જીવનમાં પ્રવેશે એટલે ગુસ્સો-વ્યસન-દાદાગીરી-જેવા દુર્ગુણો તો સ્વભાવમાં પ્રવેશે જ છે. સાથે સાથે ખરાબ આદતો કેળવાઈ જવાથી સમાજજીવનમાં અને આરોગ્ય ક્ષેત્રે પણ વ્યક્તિએ સહન કરવાનું આવે છે.

તમાકુ-દારુ કે ડ્રગ્સ જેવા વ્યસનો એક આદત છે. જેના કારણે સ્વભાવમાં તો પરિવર્તન આવે છે પરંતુ એનાથી વધુ નુકશાન એ શરીરને કરે છે. શરીરમાં આ વ્યસનોની એવી સર થાય છે કે પછી શરીર ધીમે ધીમે કશ થતું જાય છે અને આખરે રોગોનું ઘર બની જવાથી વ્યક્તિ મૃત્યુ તરફ ધકેલાય છે.

વ્યસનમુક્તિ માટે પ્રયત્ન કરનારા વ્યક્તિઓ - સંસ્થાઓ-શાસન અને સમાજ, તમામ દ્વારા સુંદર કાર્ય થઈ રહ્યું છે. વ્યસનોથી લોકો બચે - મુક્ત થાય અને સ્વસ્થ જીવન જીવે એ દિશામાં ઠેર ઠેર સરાહનીય કાર્ય થઈ રહ્યું છે.

દરેક વ્યક્તિની એ પોતીકી સમજદારી જોઈએ કે પોતે કોણ પણ પ્રકારના વ્યસનોથી બચે અને તેની સાથે એ સામાજિક જવાબદારી પણ હોવી જોઈએ કે જયારે કોઈ વ્યક્તિ આવા વ્યસનોમાં સપડાયેલી દેખાય તો એને મુક્ત કરવાને પ્રયાસ કરે. આવા પ્રસંગો સમાજજીવનમાં દેખાય ત્યારે એના અજવાળા પથરાય છે.

તેજપુંજ :

કોઈ ખાવે, કોઈ પીવે તમાકુ ઝેર ખાસ
તન-મન-ધન હરે, કરે એ સત્યનાશ

ગુજરાતના બોટાદ જિલ્લાના ચોસલા ગામનાં ખેડૂત દંપતિની ઈકોફ્રેન્ડલી જીવનશૈલી

બોટાદ : ભાવનગરની લોકભારતી ગ્રામ વિદ્યાપીઠમાં લોકસેવા, ગ્રામનિર્માણ અને કૃષિવિજ્ઞાનનો અભ્યાસ કરીને સંતોષ નહિં માનાનારા હિરજીભાઈએ આ ત્રણેય અભ્યાસક્રમને પોતાની જીવનશૈલીમાં વણી લીધા. શ્રમનો અને કર્મઠતાનો વારસો પોતાની માતાનો અને ખેતી પ્રત્યેનો સતત મનનો ભાવ પિતા ભીખાભાઈ પાસેથી મેળવીને હિરજીભાઈએ ખેતીને માત્ર મજૂરી કે પોતે ખેડૂત એટલે ! આવા ભાવથી જુદા પડવા માટે વૈજ્ઞાનિક અભિગમની સાથે ખેતી પ્રત્યે મતતભાવ કેળવ્યો. સદ્‌ભાગ્યે હિરજીભાઈને ગોદાવરીબહેન જેવાં પત્ની મળ્યા અને એમની ખેતીમાં આકરી મહેનત ભળી.

આ દંપતિએ અથાક પરિશ્રમ, કોઠાસૂઝ ,વડીલોનું માર્ગદર્શન અને વિજ્ઞાનની મદદ લઈને પોતાના ખેતરને વાડીમાં ફેરવ્યું. ખેતરમાંથી આજે પંચવટી બાગ તરીકે ગુજરાત જ નહિં સમગ્ર ભારતમાં પ્રસિધ્ધી પોમેલું હિરજીભાઈનું ખેતર આધુનિક ખેતીનું ઉત્તમ ઉદાહરણ છે. આધુનિક ખેતી તરફ વળી એમાંથી પૂરતી આવકની સાથે સંતોષ મળે એ માટે હિરજીભાઈએ શું કર્યું? તેઓ કહે છે : '' આંખ-કાન ખુલ્લાં રાખી જ્યાંથી મળે ત્યાંથી નવી વાત,નવી પધ્ધતિ,નવું બિયારણ,નવા નુસખા શોધી શોધી મારી વાડી પર પ્રયોગો હાથ ધર્યા અને ખેતીમાં રોજબરોજ સામે આવતી રહેતી સમસ્યાઓના મારી કોઠાસૂઝ અને હૈયા ઉકલતથી ઉકેલો શોધતો રહ્યો અને ફળદાયી પરિણામ મેળવતો રહ્યો.''

ખેતરમાંથી બારેમાસ લીલીછમ રહેતી વાડી બનાવવા માટે હિરજીભાઈએ નવાં બીજ દાખલ કર્યાં, જમીન એક શેઢે કરી, જમીન વધારી,ખેત ઉત્પાદનમાં વૃક્ષોની ભાગીદારી કરી, ટપક પધ્ધતિ વગેરે પ્રયોગો હાથ ધરીને સમાજને ઈકોફ્રેન્ડલી સાદી ભાષામાં કહીએ તો કુદરતી જીવન શૈલીની બક્ષીસની ભેટ આપી છે. હિરજીભાઈ ખેડૂતમાંથી વાડીના માળી અને માલિક બનીને બેસી ન રહ્યા. એમણે સમગ્ર ખેડૂત સમાજનું હિત હૈયે ધર્યુ. એ માટે એમણે કૃષિ વિકાસ મંડળની સ્થાપના કરી સુચારુ રીતે તેનું સંચાલન કરી રહ્યા છે. આ ઉપરાંત એમના ખેતી વિષયક અનુભવો જુદા-જુદા છાપાઓમાં લખતા થયા. વળી, પોતે પ્રયોગો કરીને સજીવ ખેતીમાં સફળતા મેળવી એ જ રીતે અન્ય ખેડૂતોને સજીવ ખેતીમાં પહેલાં રસ લેતાં કર્યા અને પછી એ તરફ વાળ્યા.

આજે બોટાદ જિલ્લાનો પંચવટી બાગ ખેડૂતો માટે ખેતીનો પ્રત્યક્ષ દાખલો પૂરો પાડી રહ્યો છે. ગુજરાત,ભારત અને વિશ્વભરમાથી લોકો પંચવટી બાગની મુલાકાતે આવે છે. ખેતીને સમૃધ્ધ કરી પોતે ઉજળા બન્યા છે. હિરજીભાઈની આ સિધ્ધિ,મહેનત,લગન અને પ્રયોગોને કારણે અખીલ કૃષિ જગતમાં એમની એક આગવી ઓળખ ઉભી થઈ છે. અનેક સંસ્થાઓ તરફથી એમને સન્માનિત પણ કરવામાં આવ્યા છે. હિરજીભાઈ અને ગાદાવરીબહેનના પંચવટી બાગમાં જેટલાં પ્રકારના વૃક્ષો હશે અને વાવેતર થતાં હશે એટલા અલગ અલગ પ્રકારના પુરસ્કાર તેઓને મળ્યા છે. જેમકે 'ઈનોવેટીવ ફાર્મર એવોર્ડ', લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ, પ્રાણવાન કિસાન દંપતિ, ધરતી પુત્ર એવોર્ડ, શ્રેષ્ઠ કિસાન પુરસ્કાર વગેરે સન્માનથી આ દંપતિનું ખેતી કામ પોંખાયું છે.

ખેતી સાથે સંકળાયેલા બીજા લોકોને હિરજીભાઈના અનુભવોનો લાભ મળે એ હેતુથી એમણે બન્નેએ મળીને પોતાના અનુભવ આધારિત અનેક પુસ્તકો પણ લખ્યાંછે. આટલાં વર્ષોના અનુભવ પછી હિરજીભાઈ કહે છે કે, ખેતી એક સંપૂર્ણ કુદરતી આધારિત વ્યવસાય છે. જ્યારે જ્યારે કુદરતની સામે પડવાની મહેનત લીધી છે, ત્યારે કારમી થપાટ ખાધી છે. પણ તેની સાથે સંવાદ સાધતા રહીએ,જાગતલ ખેડૂત તરીકે મહેનત કરીએ,તો પ્રમાણિકતાથીરોટલો રળવામાં ખેતીં ક્યારેય તાણ પડવા દેતી નથી, એ અમે પૂરવાર કરી શક્યાં છીએ.

ગંગાસતી એમ બોલીયા રે, તમે થાજો સતગુરૂના દાસ રે

આપણાં પ્રાચીન ગ્રંથો વેદો તથા ઉપનિષદોની જ્ઞાનગંગામાં રુષિકાઓની વાણીને સમાજનો આદર ખોબે અને ધોબે મળ્યો હતો તેજ પ્રકારે મધ્યકાલિન સાહિત્યમાં પણ વિદુષિઓએ ભક્તિમાર્ગમાં મહત્વનું તેમજ નોંધપાત્ર પ્રદાન કર્યું છે. આ બન્ને સ્થિતિમાં વિદુષીઓની વાણીમાં રહેલું સત્વ તથા તેની તેજસ્વીતા હતી. જાતિના કારણે તેમનો દરજ્જો ક્યારે પણ નીચો કે ઉતરતો ગણાયો નથી. ગાર્ગી તથા લોપામુદ્રાની હરોળમાં હક્કથી બેસી શકે તેવી ભક્તિમાર્ગની પણ આપણી કવયિત્રીઓ છે. ગંગાસતી, તોરલ, લોયણ કે લીરબાઈ જેવી સમર્થ કવયિત્રીઓના વાણી પ્રવાહે કાળ પર પોતાની અમીટ છાપ છોડી છે. ઉપાસના તથા આત્મજ્ઞાનની જાગૃતિના માર્ગે કોઈ જાતિ વિશેષને પ્રાધાન્ય નથી તે હકકીત પણ ખૂબ સંતોષ તથા ગૌરવ અપાવે તેવી છે. સંતવાણીના આ સમર્થ સર્જકોએ જ્ઞાન અને ભક્તિની હેલી વરસાવી છે. સમાજે તેને એટલાજ આદર સત્કારથી ઝીલી છે. ભક્તિ આંદોલનનો ઈતિહાસ આપણાં સમગ્ર ઈતિહાસમાં મહત્વનું તથા હેતુપૂર્ણ સ્થાન ધરાવે છે. અહીં મહીમા માત્ર હરિ-ભજનનોજ છે.

જાતિ-પાતિ પૂછે નહિ કોઈ,
હરિકો ભજે સો હરિકા હોઈ.

એક સમયે ગોહિલવાડ તરીકે ઓળખાતા ભાવનગર જિલ્લાના પાલીતાણા તાલુકાના રાજપરા ગામમાં ભક્તિભાવપૂર્ણ જીવન જીવતા ભાઈજીભાઈ સરવૈયાને ત્યાં ગંગાબા (ગંગાસતી)નો જન્મ થયો હતો.

ગંગાસતી તથા પાનબાઈ સમવયસ્ક તથા ભક્તિના રંગે રંગાયેલા હતા. ગંગાબાનું લગ્ન થતાં પાનબાઈ પણ તેમની સેવા માટે તે સમયની પ્રથા મુજબ ઉમરાળા તાલુકાના સમઢીયાળા ગામે ગયા હતા. સાંસારિક વ્યવહારો વચ્ચે જળકમળવત્ રહીને તેઓ આધ્યાત્મિક માર્ગના સોપાન એક પછી એક સર કરતા જતા હતા. ગંગાસતીના અગાધ જ્ઞાનનું પાન તેમની અમૃતમયી વાણીથી સતત વહેતું રહેલું છે. પાનબાઈને પૂર્ણ જ્ઞાનનું દર્શન કરાવવા સંતવાણીના માધ્યમથી દેવોને પણ દુર્લભ તેવા તેજસ્વી શિખરોનું દર્શન ગંગાસતીએ કરાવ્યું તે આપણાં સંત સાહિત્યનો અમૂલ્ય તેમજ સદાકાળ જીવંત વારસો છે. સાંપ્રત સમયમાં પણ તેમાંથી નિષ્પન્ન થતો બોધ હિતકારી છે.

મેરૂ રે ડગે પણ જેના મન ના ડગે
મરને ભાંગી પડે રે ભરમાંડ રે,
વિપદ પડે પણ વણસે નહિ,
ઈ તો હરિજનના પરમાણ રે...
ભાઈ રે ! હરખને શોકની નાવે જેને હેડકીને,
શિશ તો કિયા કુરબાન રે,
સતગુરૂ વચનમાં શૂરા થઈ ચાલે,
જેણે મેલ્યા અંતરના માન રે...
ભાઈ રે ! નિત્ય રેવું સતસંગમાં રે,
જેને આઠે પોર આનંદ રે,
સંકલ્પ વિકલ્પ એક નહિ ઉરમાં
જેણે તોડી નાખ્યો માયા કેરો ફંદ રે...
ભાઈ રે ! ભગતિ કરોતો એવી રીતે કરજો પાનબાઈ,
રાખજો વચનુમાં વિશ્વાસ રે,
ગંગાસતિ એમ બોલિયાં રે
તમે થાજો સતગુરૂજીના દાસ રે...
મેરૂ રે ડગે ને જેના મન ના ડગે
મરને ભાંગી પડે ભરમાંડ રે.

ઉપરના જાણીતા પદને જોતાં એમ લાગે કે જીવન જીવવા માટેના ઉત્તમ આચાર-વિચારને પ્રવાહી તથા લોકભોગ્ય શૈલિમાં અભિવ્યક્ત કરવાની કળા આપણાં સંત સાહિત્યના સર્જકોને જાણે સહજ રીતે પ્રાપ્ત થઈ હતી. મેરુ પર્વતની સ્થિરતા ધારણ કરીને તથા સંશય માત્રને દૂર રાખીને જીવન જીવવાનો ઉપાય ગંગાસતીએ સૌને માટે તેમની તેજોમય વાણીથી સુલભ કર્યો છે. વિપત્તી તો આવે અને જાય, હરખ અને શોકની લાગણી તો ધૂપ-છાવ સમાન અસ્થાયી છે તેથી પરમતત્વમાં શ્રધ્ધા ધરાવનાર તેવી સ્થિતિમાં વ્યાકુળ શી રીતે થાય ? સતગુરૂના વચનનો આધાર લઈને તથા અહમનો ત્યાગ કરીને નિર્મળતાના માર્ગે ચાલવાનું ગંગાસતીનું આહવાન છે. ગુરુ પૂર્ણિમાના પાવક પ્રસંગે ગુરુને વંદન કરીએ કે તેમના તરફ આદર પ્રગટ કરીએ ત્યારે ગંગાસતીએ 'સતગુરુ' ના વચનનો આધાર લેવા કહેલું છે તે બાબત સ્મૃતિમાં રાખવી હિતાવહ છે. પાનબાઈના માધ્યમથી આવા અનેક ઉત્તમ વિચારોનું ભાથું ગંગાસતીએ જગતને બંધાવ્યું છે. માયાના અટપટા સ્વરૂપમાંથી મુક્તિ પણ સદ્ વચનોમાં શ્રધ્ધા રાખીને તથા શૂરા થઈને જીવન વ્યતિત કરનારને પ્રાપ્ત થાય છે તેનું સમર્થન ગંગાસતીએ કર્યું છે. ભક્તિમાં શ્રધ્ધા એ પાયાનું તત્વ છે. માનવ જીનવમાં પણ શ્રધ્ધાના પ્રાગટ્ય સિવાય શુષ્ક વિચારથી જીવનયાત્રા તેજોમય કે આનંદમય થતી નથી તેવો અનુભવ છે. આથી આપણી શ્રધ્ધાનું કેન્દ્ર જ્યાં હોય ત્યાં શ્રધ્ધા રાખીને તેમજ વચનમાં વિશ્વાસ રાખીને જીવનની પ્રતિક્ષણે આનંદમાં રહેવાની અમૂલ્ય ચાવી ગંગાસતીએ પાનબાઈને બતાવીને તેના સરળ છતાં ધારદાર શબ્દોથી આપણાં સૌ માટે સુલભ બનાવી છે.

સર પ્રભાશંકર પટ્ટણી જીવનની સંધ્યાકાળે તા.૧૬/૦૧/૩૮ ના દિવસે ભાવનગર રાજ્યના ઝાંઝમેર ગામમાં જાય છે. ગામની પ્રાથમિક શાળાની મુલાકાત કરે છે. પ્રાથમિક શાળાના બાળકોએ સમૂહમાં ભજન ઉપાડ્યું અને પટ્ટણી સાહેબને સંભળાવ્યું : ''મેરુ રે ડગે પણ જેના મન ના ડગે...'' પટ્ટણી સાહેબ ભજનના ભાવ તથા શાળાના બાળકોની પ્રસ્તુતિથી ભાવ વિભોર અને પ્રસન્ન થયા. શિક્ષકની પણ પ્રસંશા કરીને તેમણે કહ્યું કે ભલે અભ્યાસનું એકાદ પ્રકરણ વિદ્યાર્થીઓને ભણાવવાનું રહી જાય પરંતુ આવા સારા તથા અર્થસભર પદ શીખવવાથી ભવિષ્યમાં સંસ્કારી તથા સ્વસ્થ સમાજનું નિર્માણ થશે. પટ્ટણી સાહેબનું આ મંતવ્ય આજે પણ એટલુંજ પ્રસ્તુત લાગે છે.

સંત સાહિત્યની આવી અનેક રચનાઓથી મધ્યયુગનું સાહિત્ય સમૃધ્ધ તથા દૈદિપ્યમાન થયું છે. શ્લોક તથા લોક વચ્ચેનું અંતર નાબૂદ કરવામાં સંતવાણીના સર્જકોએ સિંહફાળો આપેલો છે.

હજી સમય છે, ચેતી જઈએ, નહીંતર એક-બે પેઢી પછી ગાંધીજી પેલા ચોથા પાઠમાંથી અસ્તિત્વ ગુમાવી દેશે

ગાંધીજી ! ચોથો પાઠ

શ્રી ફાધર વાલેસના પુસ્તકમાં એક પ્રસંગ વાંચ્યો હતો. બે નાના છોકરાઓ ગૃહકાર્ય કરતા હતા. ભાષાનો પાઠ હતો. શિક્ષકે આપેલા કેટલાક પ્રશ્નોના જવાબ લખવાના હતા. એક વિદ્યાર્થીએ બીજાને પૂછ્યું - 'યાર ! ગાંધીજી કોણ હતા ?' બીજાએ ક્ષણનો ય વિલંબ કર્યા વગર જવાબ આપ્યો - 'ચોથો પાઠ જો.'

છોકરાનો જવાબ સાચો હતો. ગુજરાતીની ચોપડીમાં ગાંધીજીનો પાઠ ચોથો હતો. ગાંધીજી કોણ ? ચોથો પાઠ. છોકરાના મનમાં ગાંધીજી આટલું જ હતા. ઈતિહાસનું પાત્ર, ભૂતકાળની વિભૂતિ, અભ્યાસક્રમનો ભાગ, ચોથો પાઠ. કોઈ વ્યક્તિ નહીં જીવંત માનવી નહિ.

લેખકે સુંદર રીતે સમાજ સમક્ષ પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે. ઉપરોક્ત બનાવમાં વાંક કોનો છે? બાળકનો, પુસ્તકનો, અભ્યાસક્રમનો, શિક્ષકનો, કે પછી આપણો ?

આજકાલનો આ ટ્રેન્ડ થઈ ગયો છે ભણવા પૂરતું ભણવાનું, માર્ક્સ મળતા હોય તેટલું વાંચવાનું, આઈ.એમ.પી. પર વધારે ધ્યાન આપવાનું. કદાચ આઈ.એમ.પી. પાઠની યાદીમાં ઉપરોક્ત કોઈ મહાનુભાવનું ચરિત્ર અથવા કોઈ યાદગાર પ્રસંગનો સમાવેશ ન થતો હોય, તો તેની બાદબાકી કરવાની, વધારાની કોઈ મહેનત કરવી નથી. નથી વિદ્યાર્થીને કરવી, નથી શિક્ષકને કરવી કે નથી માતાપિતાને કરવી. પૂરું કરવાની વૃત્તિવાળા આપણે થઈ ગયા છીએ. અમે ભણતા ત્યારે પણ આવી જ આબોહવા હતી અને હું પણ આમાંથી જ પસાર થયો છું. આ વિષચક્રમાંથી હું પણ બચી શક્યો નથી.

આનું કારણ શું ? આજે તમારો પાલ્ય શું ભણે છે? ના, નથી ખબર. હા ! વળી અપવાદરુપ કિસ્સામાં હોઈ શકે. રણમાં મીઠી વીરડીની જેમ અમુક માતા-પિતા બાળક પાછળ સંપૂર્ણ ધ્યાન કેન્દ્રીત કરે છે.

આજકાલ 'ડે -સ્કૂલ'નો રાફડો ફાટ્યો છે. બાળકને ખૂબ જ સારી તાલીમ મળે તે માટે 'ડે સ્કૂલ'માં મૂકવામાં આવે છોકરો સવારે ૮ વાગે જાય તે સાંજે ૮ વાગે પાછો આવો. આખો દિવસ સ્કૂલમાં જ બધી પ્રવૃત્તિ થાય. ડાન્સ, મ્યુઝિક, સ્પોર્ટ્સ, કોમ્પ્યુટર, લંચ ઉપરાંચ અભ્યાસક્રમ તો ખરો જ. બાળકના સર્વાંગી વિકાસ માટે તેના દરેક અંગ મરડાઈ ન જાય ત્યાં સુધી તાલીમ મળે. ના ! સારી વાત છે, અંગત કોઈ વિરોધ નથી, આપણે એકવીસમી સદીમાં આવી ગયા છીએ, પરિવર્તિન સંસારનો નિયમ છે, આ થવું જ જોઈએ ! પણ આ ઘટમાળ હોય ત્યાં ગાંધીજી 'ચોથો પાઠ' જ બની રહેવાના એ પણ એટલું જ ચોક્કસ છે. પાઠમાં આવતી ગાંધીજી વિશેની માહિતી ઉપરાંત તેમના જીવન પ્રસંગો, તેમની પ્રતિભાની વાત વાર્તા સ્વરુપે આપણે કહીએ, ગાંધી આશ્રમની મુલાકાતે લઈ જઈએ તો ?

પણ ના ! મેથ્સ, ઈંગ્લિશ વધુ મહત્ત્વના છે. ભવિષ્ય માટે આ વિષયોનું મહત્ત્વનું મહત્ત્વ વધુ છે તેના ટ્યૂશન રાખવામાં આવે છે. ભૂતકાળને યાદ કરવાથી શું ? પરંતુ ભાષાની મૃદુતા, ઈતિહાસના પ્રસંગોના સ્મરણ અને સંસ્કૃતના માધુર્ય વગર વિદ્યાર્થીનું ઘડતર કેવું થવાનું ! ગણિતની ૧ +૧ = ૨ની ગણતરીઓ મગજમાં ઠાસતા વિદ્યાર્થીની રચનાત્મકતા, ઋજુતા આપણે બાળપણમાં જ ડામી દઈએ છીએ.

અરે ! ગુજરાતીમાં દુલા કાગનું આવકારો મીઠો આપજે... કાવ્ય, શિક્ષણ વર્ગમાં ગાઈને સરસ અર્થઘટન કરીને સમજાવે, તો વિદ્યાર્થી અતિથિ સત્કારના મૂલ્ય આજીવન ન ભૂલી શકે. સંસ્કૃતના શ્લોકોનું યોગ્ય આરોહ અવરોહમાં છંદબદ્ધ અને લયબદ્ધ વાંચન થાય તો તેના એક તો તેના એક-એક સુભાષિતથી જીવનના અગમ્ય રહસ્યને સમજવાની શક્તિ મેળવી શકે છે. ઈતિહાસમાં શિવાજીના શૌર્યની અને ભામાશાહના ત્યાગની વાત નાટ્યીકર